# કોશકાર (શબ્દકોશના સંપાદક)

કોશકાર અથવા તો શબ્દકોશના સંપાદક શબ્દકોશમાં શબ્દો લખે છે અને તેને સંપાદિત કરે છે. તેઓ શબ્દકોશમાં ઉમેરાતા નવા શબ્દો માટે અખબારો, સામયિકો, પુસ્તકો અને સોશિયલ મીડિયાની સતત સમીક્ષા કરે છે. એક નવો શબ્દ, શબ્દસમૂહ અથવા શબ્દ જ્યારે વિવિધ માધ્યમોમાં વપરાય છે ત્યારે તેને સ્વીકારવામાં આવે છે અને શબ્દકોશમાં સમાવવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમને નવી વસ્તુઓ શીખવી ગમે છે.




આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૭૦૦ થી ૭,૧૧,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી અથવા તમારી પસંદગીની ભાષામાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, ભાષાશાસ્ત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

કોઈ પણ વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, ભાષાશાસ્ત્ર/એપ્લાઈડ ભાષાશાસ્ત્રમાં અનુસ્નાતક (MA) / ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

કોશકારનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૫,૦૦૦ થી ૪૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3je5pWS

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રકાશન ગૃહો, પ્રચાર-પ્રસાર માધ્યમો, ક્રિએટિવ એજન્સીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહયોગી અનુવાદક → અનુવાદક → વરિષ્ઠ અનુવાદક → વિભાગના વડા (અનુવાદ)

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફિલોલોજિસ્ટ, લેક્સિકોગ્રાફર, લેંગ્વેજ સ્પેશ્યાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ /ભાષાશાસ્ત્ર/એપ્લાઈડ ભાષાશાસ્ત્ર. વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા
૨. સેન્ટ ઝેવિર્યસ કૉલેજ, અમદાવાદ
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૪. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૫. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હી
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૭. હૈદરાબાદ યુનિવર્સિટી, તેલંગાણા
૮. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સાબરકાંઠા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જીએએસસી, અમદાવાદ
૨. આચાર્ય જગદીશ ચંદ્ર બોઝ કોલેજ, કોલકાતા
૩. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૪. મધ્યાંચલ પ્રોફેશનલ યુનિવર્સિટી, ભોપાલ
૫. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૬. આચાર્ય ઈન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરુ
૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ
૮. આંધ્ર લોયોલા કોલેજ, વિજયવાડા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**વિશ્વનાથ મગનલાલ ભટ્ટ** ગુજરાત, ભારતના સાહિત્ય વિવેચક અને કોશકાર હતા. શ્રી ભટ્ટે મુખ્ય વિષયો તરીકે સંસ્કૃત અને અંગ્રેજી પર ધ્યાન કેન્દ્રિત કરીને ૧૯૨૦માં સ્નાતક પૂર્ણ કર્યું હતું. તેમણે ૨૨ કૃતિઓ પ્રકાશિત કરી હતી અને તેમને ૧૯૩૫માં રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.*

સ્ત્રોત: https://peoplepill.com/people/vishwanath-bhatt

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.